# કોહકા ફાઉન્ડેશન દ્વારા ઘાટકોપર ખાતે રક્ષાબંધનની ઉજવણી










મહારાષ્ટ્ર અને ખાસ કરીને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારોમાં સહાય કાર્યક્રમો દ્વારા કોહકા ફાઉન્ડેશન ગત અમુક વર્ષોથી ખૂબ જાણીતી સંસ્થા બની છે તેના ઘાટકોપર સેન્ટર દ્વારા સોમવાર તા. ૨૩ ઓગસ્ટના સેક્સ વર્કરો સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. ફાઉન્ડેશનના કો-ટ્રસ્ટી અહાના નાગરએ વોઈસ ઓફ ઘાટકોપરને જણાવ્યું કે સામાન્ય રીતે સેક્સ વર્કરો સાથે સારો વ્યવહાર કરાતો નથી અને તેઓ માટે કોઈ વિચારતું પણ નથી. રક્ષાબંધન એ એવો પવિત્ર તહેવાર છે જ્યાં તેમની સુરક્ષા માટે કામના કરી શકાય છે. તે ધ્યાનમાં રાખીની કોહકા ફાઉન્ડેશન દ્વારા આવી મહિલાઓ સાથે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. ફાઉન્ડેશનના ટ્રસ્ટી સંજય નાગર તેમની ટીમ સાથે રક્ષાબંધનની ઉજવણી કરી સેક્સ વર્કરોને નાસ્તો તથા નાનુ ગિફ્ટ હેમ્પર આપેલ.

# ભવ્યતા ફાઉન્ડેશન દ્વારા 'ભૂખમરા મુક્ત રાષ્ટ્ર' - આ વિશેષ પહેલ હેઠળ સાત હજારથી વધુ બાળકોને ફૂડ પેકેટનું વિતરણ





ભારતના ૭૫મા સ્વતંત્રતા દિવસ નિમિતે ભવ્યતા ફાઉન્ડેશન દ્વારા Hunger Free Nation આ ભૂખમરા વિરોધી અભિયાન દ્વારા ૭૪૦૦ બાળકોને વિવિધ જરૂરી પૌષ્ટિક આહારના પેકેટનું વિતરણ કરવામાં આવેલ. કુલ ૨૨૮૦૦ પેકેટ્સનું વિતરણ ઘાટકોપરના કામરાજ નગર, રમાબાઈ નગર, લક્ષ્મી નગર, સાવિત્રીબાઈ ફૂલે ચાલ, મોહન નગર, બંજારા નગર, સાઈનાથ નગર વગેરે વિસ્તારોમાં કરવામાં આવેલ.

ભવ્યતા ફાઉન્ડેશને એક નોન પ્રોફિટ ઈન્સ્ટીટ્યુશન છે જે સોશ્યલ ડેવલપમેન્ટ, એજ્યુકેશન, આજીવિકા જેવા વિવિધ પ્રોજેક્ટસ પર સેવા આપે છે. વિદ્યાવિહાર ઈસ્ટમાં ચિત્રરંજન નગર ખાતે સંસ્થાનું મુખ્ય કાર્યાલય આવેલું છે.



# આગ્રીપાડા, ઉલ્હાસનગર બાદ હવે ચેમ્બુર ચિલ્ડ્રન હોમના ૧૮ બાળકો કોરોના પોઝિટિવ

કોરોનાની ત્રીજી લહેરનો ડર માથે ઝળુબી રહ્યો છે ત્યારે મુંબઈ અને આસપાસમાં ઉપરાછાપરી બાળકો અસરગ્રસ્ત થતા હોવાની માહિત બહાર આવતાં પ્રશાસન ચિંતામાં છે. આગ્રીપાડા, ઉલ્હાસનગર બાદ હવે ચેમ્બુર ચિલ્ડ્રન હોમમાં ૧૮ બાળકો કોરોના પોઝિટિવ આવ્યા હોવાની વાત બહાર આવી ચે.

મહાપાલિકાના નાયબ જનસંપર્ક અધિકારી તાનાજી કાંબળેએ આપેલી માહિત અનુસાર વીએન પુરવા માર્ગ, અણુશક્તિ નગર બસ ડેપોની સામે આવેલા ચેમ્બુર ચિલ્ડ્રન હોમમાં કુલ ૧૦૨ બાળકો છે. જેમાં ૨૫ ઓગસ્ટ ૧ બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેને શતાબ્દિ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો.

આ પછી ૨૬ ઓગસ્ટે ૨ બાળકોના રિપોર્ટ પોઝિટિવ આવતાં શતાબ્દિ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ પછી મહાપાલિકાની ટીમ દ્વારા તમામ બાળકોનો એન્ટીજન અને આરટીપીસીઆર ટેસ્ટ કરાતાં વધુ ૧૫ બાળકો પોઝિટિવ મળી આવ્યા છે. આ બધા બાળકો પર હવે વિડીયોકોન અતિથિ કોવિડ સેન્ટરમાં સારવાર ચાલી રહી




ચે અને તેઓ જોખમથી બહાર છે.

નોંધનીય છે કે બે દિવસ પૂર્વે ઉલ્હાસનગર કેમ્પ નં.5માં સરકારી બાળ સુધારગૃહમાં રહેતા 14 બાળકોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. તેમાં 4 દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ થાય છે. આ બધા બાળકોને તહેસીલદાર કાર્યાલય નજીકના કોવિડ સેન્ટરમાં ઉપચાર માટે દાખલ કરવામાં આવ્યા છે. આ બાળ સુધારગૃહમાં અનાથ અને ગુમ થયેલા બાળકોને આશ્રમ આપવામાં આવે છે. આ ઠેકાણે 13 અને 17 વયવર્ષના ૨૫ બાળકો છે. તેમાંથી 14 બાળકોને ગુરૂવાર અને શુક્રવાર એમ બે દિવસ તાવ, ખાંસી અને ઉલટીની તકલીફ થવા લાગી હતી. તે સમે સુધારગૃહમાં આવતા ડૉક્ટરોએ આ બાળકોને કોરોના તો લાગુ થયો નથી ને તેની ખાતરી કરવા માટે સેન્ટ્રલ સરકારી હોસ્પિટલમાં તેમને લઈ ગયા હતા. અહીં તેમની પર એન્ટીજન ટેસ્ટ કરવામાં આવી હતી. તેમા 14 બાળકોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. તેમને સૌમ્ય લક્ષણો છે.

આ સમાહમાં આગ્રીપાડા ખાતે સેન્ટ જોસેફ બોર્ડીંગ સ્કૂલ અને અનાથ આશ્રમના બે બાળકોને કોવિડનું નિદાન થયું હતું. આ પછી મહાપાલિકાના ઈ વોર્ડ દ્વારા આ અનાથ આશ્રમમાં કોરોના તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં કર્મચારીઓ સહિત 95 જણની તપાસ કરવામાં આવી હતી. તેમાંથી 22 જણને કોવિડ નિદાન થયું હતું. તેમા 12થી ઓછી ઉંમરના 4 બાળકો છે. જેમને નાયર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે, જ્યારે અન્યોને ભાયખલા સ્થિત રિચર્ડસન એન્ડ ક્રુડાસ જમ્બો કોવિડ સેન્ટમાં દાખ કરાયા છે. આમાં 11 જણ 12 થી 18 વયવર્ષના છે, જ્યારે 7 પુખ્ત છે, એવી માહિતી મહાપાલિકાના નાયબ જનસંપર્ક અધિકારી તાનાજી કાંબળેએ ગુરવારે આપી હતી. આ પછી મહાપાલિકા દ્વારા અનાથ આશ્રમને સીલ કરી દેવામાં આવ્યું છે.

વોઈસ ઓફ ઘાટકોપરમાં જાહેરાત તથા ન્યુઝ આપવા માટે સંપર્ક 9022279684 / 8655185667